Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# તરુણોના શૈક્ષણિક મનોભર: એક મનોવૈજ્ઞાનિક અભ્યાસ

દર્શિની આર. ભોજાણી

એમ.એ., એમ.એડ્.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસ એ સંશોધકની ઘણી બધી મહેનત અને અથાગ પરિશ્રમથી મળેલું પરિણામ છે. પોતાના સંશોધન દરમિયાન રોજબરોજ બનતા બનાવોનું નિરીક્ષણ તેમજ સતત વાંચન ચાલુ રાખ્યું અને તરુણોના શૈક્ષણિક મનોભાર વિશેની માહિતી મેળવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. વિવિધ વ્યક્તિગત પરિવર્ત્યો જેવા કે તરુણોનું રહેઠાણ, ધોરણ, જાતિ, શિક્ષણ, માતા-પિતાનું શિક્ષણ વગેરેનું તરુણોના શૈક્ષણિક મનોભાર પર શી અસર પડે છે ? તે જાણવા પ્રસ્તુત સંશોધન કરવાનું સશાધકને યોગ્ય લાગ્યું જેમાં પસંદ કરેલ વિષય આ પ્રમાણે છે.

'તરુણોના શૈક્ષણિક મનોભારની અસર : એક મનોવૈજ્ઞાનિક અભ્યાસ'

ઉપરોકત અભ્યાસ માટે રાજકોટ વિસ્તારમાં ધોરણ-૧૦, ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા કુલ ૯૬૦ તરુણ-તરુણીનો નિદર્શ તરીકે યાદચ્છિક રીતે પસંદ કરાયેલ હતા. તેમાં નીચે મુજબ સાધનને ઉપયોગ કરવમાં આવ્યો હતો. (૧) વ્યક્તિગત માહિતી પત્રક, (૨) શૈક્ષણિક મનોભાર પ્રશ્નાવલિ. હેતુ ધ્યાને લઈ અધ્યયનની ઉત્કલ્પના રચવામાં આવી. પ્રાપ્ત માહિતીનું ગુણાંકન બાદ ટી અને સહસંબંધ શોધી પરિણામનું અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**૧.૦ પ્રસ્તાવના**

એકવીસમી સદી કૌશલ્ય સભર બુદ્ધિમતાની સદી તરીકે ઓળખાય છે. વિશ્વના તમામ દેશમાં વૈજ્ઞાનિક શોધને ભૌતિક પ્રગતિના લીધે શહેરીકરણ અને બદલાયેલ જીવનશૈલીના કારણે વિવિધ સમસ્યા ઉત્પન્ન થાય છે. મનોવિજ્ઞાનની વિવિધ શાખાઓ આ સમસ્યાઓને સંશોધન દ્વારા હલ કરે છે, તેનું નિરાકરણ લાવે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

આજે શિક્ષણનો વ્યાપ વિસ્તાર વધ્યો છતાં શિક્ષણક્ષેત્રે અનેક સમસ્યા પ્રવર્તી રહી છે. આ પરિવર્તનોથી વ્યક્તિને ઘણીવાર હતાશ, સંઘર્ષ, મનોભારનો ભોગ બનવું પડે છે.

આધુનિક યુગમાં અભ્યાસ કરતા તરુણોના શૈક્ષણિક મનોભાર પાછળ જવાબદાર કારણોનો અભ્યાસ કરવાનો સમય આવી ગયો છે. તરુણોનેપોતાની મૂંઝવણ, ભાવિ વિશની ચિંતા, સ્પર્ધાત્મક યુગના પડકારો, માતા-પિતાની તરુણો પાસેથી ખૂબ ઊંચી અપેક્ષાઓ, કૌટુંબિક તનાવ, સામાજિક-આર્થિક દબાણ વગેરે ભાગ ભજવે છે.

તરુણાવસ્થાનો ગાળો ૧૪ થી ૨૧ વર્ષની વય સુધીનો ઈલિઝાબેનથ હરલોક ગણાવે છે. આ સમયે અનેક પરિવર્તન આવે, આ ગાળો તરુણો માટે વધુ સમસ્યારૂપ બને છે. તરુણોની સમસ્યાની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર વિશે વર્તમાન પત્રો, ટેલિવિઝન માધ્યમ દ્વારા જોવા મળે. આવી સમસ્યાઓનો મનોવૈજ્ઞાનિક રીતે અભ્યાસ થાય તો રાષ્ટ્રના ભાવિ નાગરિકને સર્જનાત્મક માર્ગે વાળી શકાય. કૌટુંબિક અસંતોષ, સામજિક અન્યાય, શૈક્ષણિક મુશ્કેલી જેવી અનેક સમસ્યા તરુણો અનુભવતા હોય છે. સતત દબાણ, વધુ પડતી ચિંતાથી તેના વ્યક્તિત્વમાં પરિવર્તન આવે. આ સમસ્યાને હળવી કરવામાં આવે તો તરુણોનો સર્વાંગી વિકાસ થઈ શકે, આમ તરુણાવસ્થામાં અનુભવાતો શૈક્ષણિક મનોભાર એક મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો આ એક નમ્ર પ્રયાસ છે.

## ૨.૦ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

1. તરુણો અને તરુણીઓના શૈક્ષણિક મનોભાર સંદર્ભમાં અભ્યાસ કરવો.

**૩.૦ શૂન્ય ઉત્કલ્પનાઓ**

નીચે પ્રમાણેની શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી અને ચકાસવામાં આવી હતી.

1. તરુણો અને તરુણીઓના શૈક્ષણિક મનોભારના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**૪.૦ અભ્યાસમાં સમાવિષ્ટ ચલો**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના ચલોને આવરવામાં આવ્યા હતા.

— **સ્વતંત્ર ચલ.** પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતીયતા હતી.

— **પરતંત્ર ચલ.** પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ તરીકે શૈક્ષણિક મનોભારના પ્રાપ્તાંકો હતા.

— **આંતરવર્તી ચલ.** પ્રસ્તુત અભ્યાસમાં આંતરવર્તી ચલ તરુણોનો ઉછેર અને કૌટુંબિક વાતાવરણ, તરુણોની અભ્યાસ માટેની તંદગીલી હતા.

**૫.૦ વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ રાજકોટ જિલ્લા પૂરતુ મર્યાદિત હતું. જેમાં આકસ્મિક રીતે ૯૬૦ તરુણોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં તરુણોની સંખ્યા ૪૮૦ અને તરુણીઓની સંખ્યા ૪૮૦ હતી. તરુણ-તરુણીઓ સમાન કક્ષાએ પસંદગી કરવામાં આવી હતી.

**૬.૦ ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોના શૈક્ષણિક મનોભારને પરતંત્ર ચલ તરીકે સ્વીકારેલ હતો. તરુણોના શૈક્ષણિક મનોભાર માપી શકાય તેવું ઉપકણ પ્રાપ્ત ન થતા સંશોધકે શૈક્ષણિક મનોભાર કસોટીની રચના કરી હતી.

શૈક્ષણિક મનોભાર માપન કસોટી : પ્રસ્તુત અભયાસમાં તરુણોના શૈક્ષણિક મનોભારને માપન કરવાનો હતો. તેમાં કુલ ૨૫ વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

શૈક્ષણિક મનોભાર કસોટી સંબંધિત વિધાનો રચવા માટે વિવિધ પ્રકારના સ્રોતો દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી જેમાં,

1. પાંચ મનોવિજ્ઞાન વિષયના નિષ્ણાત
2. પાંચ મનોવિજ્ઞાન વિષયના પ્રાધ્યાપકો
3. ત્રણ શિક્ષણશાસ્ત્રવિદ્દો
4. વિવિધ સ્તરની શાળાના બે આચાર્ય
5. ૫. મનોવિજ્ઞાન વિષયના શિક્ષકો
6. શિક્ષણકાર્ય કરતા અનુભવી જ્ઞાતા
7. સંદર્ભગ્રંથોનો સમાવેશ થાય છે.

પ્રસ્તુત સંશોધનમાં તજજ્ઞોના માર્ગદર્શનના આધારે ૨૫ વિધાનોનો સમાવશે કરવામાં આવ્યો હતો. જેમાં જમણી બાજુએ દરેક વિધાન સામે ૩ વિકલ્પો (૧) હા, (૨) ના અને (૩) કયારેક એ મુજબ મૂકયા હતા. આ રીતે શૈક્ષણિક મનોભાર કસોટીની અજમાયશ કરવામાં આવી હતી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

અહીં કુલ ૯૬૦ તરુણોનો નમૂનો લેવામાં આવ્યો. શૈક્ષણિક મનોભાર કસોટી દ્વારા મળેલ માહિતીના આધારે કુલ ગુણને પ્રત્યેક વિધાનોમાં પ્રાપ્ત ગુણ વચ્ચે સહસંબંધાક શોધવામાં આવ્યો તથા સાર્થકતાની કક્ષા નક્કી કરવામાં આવી. પરિણામની વિગત નીચે સારણીમાં દર્શાવી છે.

**સારણી**

**શૈક્ષણિક મનોભાર કસોટીના ગુણને વિધાન ગુણ વચ્ચેના સહસંબંધાકો**

| વિધાન નંબર | સહસંબંધાક | સાર્થકતા કક્ષા |
|---|---|---|
| ૧ | ૦.૪૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨ | ૦.૪૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩ | ૦.૫૬ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૪ | ૦.૭૫ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫ | ૦.૪૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૬ | ૦.૫૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૭ | ૦.૪૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૮ | ૦.૬૭ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૯ | ૦.૫૦ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૦ | ૦.૭૭ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |

| | | |
|---|---|---|
| ૧૧ | ૦.૪૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૨ | ૦.૫૬ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૩ | ૦.૪૪ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૪ | ૦.૫૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૫ | ૦.૬૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૬ | ૦.૯૪ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૭ | ૦.૮૦ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૮ | ૦.૫૦ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૯ | ૦.૫૦ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૦ | ૦.૬૦ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૧ | ૦.૬૩ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૨ | ૦.૬૭ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૩ | ૦.૭૭ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૪ | ૦.૬૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૫ | ૦.૭૩ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |

ઉપરોકત સારણી દ્વારા એ ખ્યાલ આવે છે કે વિધાન નં. ૧ થી ૨૫ એ ૦.૦૧ કક્ષાએ સાર્થક છે તેથી આ માપદંડના તમામ વિધાનોને સ્વીકારવામાં આવ્યા હતા.

**૭.૦ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન**

પ્રસ્તુત સશોધનમાં પ્રત્યુતર તરુણો રાજકોટ જિલ્લામાંથી પસંદ કરવામાં આવ્યા હતા. કુલ ૯૬૦ તરુણો પસંદ કરેલ હતા. તેની સંખ્યાની ટકાવારીની વિસ્તૃત માહિતી નીચે મુજબ છે.

**તરણોની જાતી પ્રમાણે ટકાવારી**

| ક્રમ | જાતિ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | તરુણો | ૪૮૦ | ૫૦% |
| ૨ | તરુણીઓ | ૪૮૦ | ૫૦% |
| | | કુલ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકમાં જાતિ મુજબ બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે, જેમાં તરુણો ૪૮૦ અને તરુણીઓ કુલ ૪૮૦ એમ કુલ ૯૬૦ તરુણોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

તરુણ અને તરુણીઓના શૈક્ષણિક મનોભારની ટી-કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણો અને તરુણીના શૈક્ષણિક મનોભારની ગણતરી ટી-કસોટી દ્વારા શૂન્ય ઉત્કલ્પનાના સંદર્ભ આ મુજબ કહી શકાય.

તરુણો અને તરુણીના શૈક્ષણિક મનોભાર મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

ટી–કસોટી (સંખ્યા–૧૫૦)

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **મધ્યક** | **સરાસરી તફાવત** | **ટી–મૂલ્ય** | **સાર્થકતા** |
|---|---|---|---|---|---|---|
| ૧ | તરુણો | ૪૮૦ | ૩૭.૮૭ | ૭.૨ | ૦.૨૯ | સાર્થક નથી |
| ૨ | તરુણીઓ | ૪૮૦ | ૩૬.૪૭ | ૭.૭૮ | | |

સ્વાતંત્ર્ય કક્ષા ૯૫૮ છે ત્યારે મૂળ કિંમત ૧.૯૬ છે. જે મળેલ ટીની કિંમત તેના કરતા ઓછી છે તેથી બંને વચ્ચે ૦.૦૫ કક્ષાએ તફાવત સાર્થક નથી તેની શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે.

## ૮.૦ તારણો

તરુણોનો શૈક્ષણિક મનોભાર જાણવાનો પ્રસ્તુત અભ્યાસ નક્કર આધારશીલા છે. પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક મનોભારનું પ્રમાણ દરેક તરુણ-તરુણીમાં જોવા મળે. તેનું પ્રમાણ અલગ-અલગ છે. ટી-ગુણોત્તર આધારે પ્રાપ્ત થયેલ તારણ આ પ્રમાણે હતું.

તરુણો અને તરુણીઓના શૈક્ષણિક મનોભારના મધ્યકો વચ્ચે તફાવત સાર્થક નથી એટલે કે જાતિની શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર નથી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભસૂચિ**

ઉચાટ, ડી.એ. (૨૦૧૨). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.** (દ્વિતીય આવૃતિ), રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી.એ. (૧૯૮૮). **સંશોધનનું સંદોહન.** રાજકોટ : શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી.એ. (૧૯૮૮). **સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ?** રાજકોટ: નિજિન સાયકો સેન્ટર.

દેસાઈ, હ. ગુ. અને દેસાઈ, કુ. ગો. (૧૯૯૨). **સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ** (૫ મી. આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

દોંગા, એન. એસ. (૨૦૧૨). **અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, વિકાસ, શિક્ષણ પ્રક્રિયા અને માહિતી ટેક્નોલોજી.** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

કસંડરીયા, એચ. વી. (૨૦૦૮). **તરુણોના શૈક્ષણિક મનોભાર અને સમાયોજનની અસર એક મનોવૈજ્ઞાનિક અભ્યાસ**, મહાશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.